ગુજરાત સમાચાર , પાના નંબર :- ૦૨

તારીખ :- ૦૩/૦૪/૨૦૨૬

અમદાવાદમાં આઈપીએલની ૭ મેચ રમાશે

# IPL:અમદાવાદમાં મેચ વખતે મેટ્રો રાત્રે ૧૨:૩૦ સુધી દોડાવાશે

અમદાવાદ,ગુરુવાર

અમદાવાદ ખાતે રમાનારી ઈન્ડિયન પ્રીમિયર લીગ-૨૦૨૬ની લીગ રાઉન્ડની મેચ દરમિયાન મેટ્રો ટ્રેન સેવાઓનો સમય રાત્રે ૧૨:૩૦ સુધી લંબાવવાનો નિર્ણય કરાયો છે.

## રાત્રિના ૧૦થી ૧૨:૩૦ દરમિયાન મુસાફરો માત્ર મોટેરા-સાબરમતી મેટ્રો સ્ટેશનથી બેસી શકશે

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર રાત્રિના ૧૦થી મધ્યરાત્રિના ૧૨:૩૦ સુધીના લંબાવેલા સમય દરમિયાન મુસાફરો માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન તથા સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં બેસી શકશે. અમદાવાદ મેટ્રોના બંને કોરિડોર એટલે કે મોટેરા સ્ટેડિયમ એપીએમસી તથા વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ પરના કોઈપણ કાર્યરત મેટ્રો સ્ટેશન પર મુસાફરી કરી શકશે. ગાંધીનગર જવા માટે મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર સુધી રાત્રે બે વધારાની ટ્રેન મધ્યરાત્રિના ૧૧:૪૦ કલાકે અને મધ્યરાત્રિના ૧૨:૧૦ કલાકે ઉપડશે.

**અમદાવાદમાં આઈપીએલ-૨૦૨૬ની મેચ**

| તારીખ | મેચ | સમય |
|---|---|---|
| ૪ એપ્રિલ | ગુજરાત વિ. રાજસ્થાન | સાંજે ૭:૩૦ |
| ૧૭ એપ્રિલ | ગુજરાત વિ. કોલકાતા | સાંજે ૭:૩૦ |
| ૨૦ એપ્રિલ | ગુજરાત વિ. મુંબઈ | સાંજે ૭:૩૦ |
| ૨૬ એપ્રિલ | ગુજરાત વિ. ચેન્નાઈ | બપોરે ૩:૩૦ |
| ૩૦ એપ્રિલ | ગુજરાત વિ. બેંગાલુરુ | સાંજે ૭:૩૦ |
| ૩ મે | ગુજરાત વિ. પંજાબ | સાંજે ૭:૩૦ |
| ૧૨ મે | ગુજરાત વિ. હૈદરાબાદ | સાંજે ૭:૩૦ |